<u>ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ</u>

<u>બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર</u>

**ક્રમાંક:-સંકલન-ખતપ-૩૮/૨૦૨૨-૨૩/૬૩૫૨થી૬૩૫૮**

**તા.૨૧/૦૭/૨૦૨૩**

## <u>સુધારા જાહેરનામું</u>

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર દ્વારા જાહેરનામા ક્રમાંક:-સંકલન-ખતપ-૩૮/૨૦૨૨-૨૩/૧૯૪૧૪થી૧૯૪૫૪ તા.૧૨/૧૦/૨૦૨૨થી પંચાયત સેવાના વર્ગ-૩ના કર્મચારીઓની નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા સને ૨૦૨૨-૨૩ યોજવા મંડળ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ. આ જાહેરનામાંના ક્રમ નં.૪માં આ પરીક્ષામાં બેસવાની પાત્રતા માટે લાયકાતની તારીખ <u>૩૦/૧૧/૨૦૨૨ નિયત કરવામાં આવેલ છે, જેમાં ફેરફાર કરીને, સદર લાયકાતની તારીખ હવે તા.૩૧/૦૭/૨૦૨૩ રાખવાનું મંડળ દ્વારા ઠરાવવામાં આવેલ છે.</u> જે અનુસંધાને સદર જાહેરનામાના ક્રમ નં.૪માં નીચેની વિગતે આથી સુધારો કરવામાં આવે છે.

(૪) "આ ખાતાકીય પરીક્ષા સને ૨૦૨૨-૨૩માં બેસવા માટેની પાત્રતા તા.૩૧/૦૭/૨૦૨૩ રહેશે."

આ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા હોય અને નિયત લાયકાત/પાત્રતા ધરાવતા હોય તેવાં પાત્રતા ધરાવતા કર્મચારીઓની નિયત અરજીપત્રકમાં અરજીઓ મેળવી તેની ઘનિષ્ટ ચકાસણી કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રીના યોગ્યતાના પ્રમાણપત્ર અને સહી સિક્કાવાળી પ્રિન્ટેડ નકલ તથા તેની સોફટકોપી (સી.ડી/પેનડ્રાઇવ), કર્મચારીઓના અસલ અરજીપત્રક યોગ્યતાના પ્રમાણપત્ર સહિત સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને <u>રૂબરૂમાં તા.૦૭-૦૮-૨૦૨૩ સુધીમાં</u> મોકલી આપવાના રહેશે.

સદર જાહેરનામાંની તા.૧૨/૧૦/૨૦૨૨ની અન્ય શરતો/જોગવઈઓ યથાવત રહેશે.

"મંડળનાં આદેશાનુસાર"

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી-તમામ તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા આગળની યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(૪) નાયબ સચિવશ્રી,(પંચાયત), પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ), જિલ્લાપંચાયત કચેરી. (તમામ)

(૨) કચેરીના નોટીસ બોર્ડ તરફ પ્રસિધ્ધિ સારૂ.